# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અને વિકસિત ભારતમાં યોગદાન આપવા અનુરોધ કર્યો.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પુડુચેરીમાં હર ઘર તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી રવાના કરી.
3) પીએમ આવાસ યોજના-શહેરી અને તેના બીજા તબક્કા હેઠળ અત્યાર સુધીમાં 1 કરોડ 25 લાખથી વધુ ઘરો મંજૂર કરાયા.
4) દેશભરમાં વિશ્વ આદિવાસી દિવસની હર્ષોલ્લાસથી ઉજવણી કરાઈ.
5) રશિયા અને યુક્રેન વચ્ચે સામસામેના હુમલામાં અનેક નાગરિકોના મોત.

***************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-HAR GHAR TIRANGA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અને વિકસિત ભારત બનાવવા માટે યોગદાન આપવાના તેમના સામૂહિક સંકલ્પને નવીકરણ કરવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે, ત્રિરંગો રાષ્ટ્રનું ગૌરવ છે અને દેશ માટે હંમેશા શ્રેષ્ઠ આપવા માટે પ્રેરણાનો સતત સ્ત્રોત છે. પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે આ વર્ષના પ્રયાસો વંદે માતરમને સમર્પિત છે, કારણ કે તે તેની 150મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે.

# AMIT SHAH PUDUCHERRY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પુડુચેરીના મુરુગા થિયેટર સિગ્નલ ખાતે હર ઘર તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી રવાના કરી. જેમાં મોટી સંખ્યામાં લોકો તિરંગો લહેરાવી રેલીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપરાજ્યપાલ કે. કૈલાશનાથન, પુડુચેરીના ગૃહમંત્રી એ. નમસ્સ્વયમ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી જી. એન. એસ. રાજશેખરન અને ભાજપ પ્રમુખ વી. પી. રામલિંગમ હાજર રહ્યા હતા.

આ અગાઉ, ગૃહમંત્રીએ ગોરીમેડુમાં પોલીસ તાલીમ શાળાના મેદાનમાં પુડુચેરી પોલીસને રાષ્ટ્રપતિ પોલીસ રંગ પ્રદાન સમારોહમાં ભાગ લીધો હતો. શ્રી શાહે પુડુચેરી પોલીસને અભિનંદન આપતા કહ્યું કે, રાષ્ટ્રપતિ પોલીસ રંગ પ્રાપ્ત કરવો એ કોઈપણ શિસ્તબદ્ધ પોલીસ દળના જીવનની સૌથી ગૌરવપૂર્ણ ક્ષણોમાંની એક છે.

(BYTE : AMIT SHAH)

***("राष्ट्रपती ध्वज किसी भी डिसिप्लिन फोर्स के लिए उसके जीवन काल का सबसे गौरवपूर्ण क्षण होता है। पुदुच्चेरी पुलिस भले ही संख्या में 5000 से कम हो मगर आप इस देश की आध्यात्मिक धरोहर को संभाले हुए पुदुच्चेरी की रक्षा, आंतरिक सुरक्षा और पुदुच्चेरी के सम्मान की रक्षा करने का काम करते हैं।" )***

# PMAY - URBAN

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે જણાવ્યું છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી અને તેના બીજા તબક્કા હેઠળ અત્યાર સુધીમાં 1  કરોડ 25 લાખથી વધુ ઘરો મંજૂર કરવામાં આવ્યા છે. આમાંથી, દેશભરમાં એક કરોડથી વધુ ઘરો પૂર્ણ થઈ ગયા છે અને લાભાર્થીઓને સોંપવામાં આવ્યા છે, જેમાં લગભગ એક કરોડ ઘરો મહિલાઓને ફાળવવામાં આવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, ઓડિશા, રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત 16 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરીના બીજા તબક્કા હેઠળ 2  લાખ 9 હજારથી વધુ ઘરો મંજૂર કરાયા છે. જેમાં , મહિલાઓને 2 લાખ 3 હજારથી વધુ ઘરો ફાળવવામાં આવ્યા છે. વરિષ્ઠ નાગરિકો માટે 16 હજાર 600 થી વધુ ઘરો મંજૂર કરવામાં આવ્યા છે.

# JOSHI- NTA MEETING

કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ આજે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (NTA) સંબંધિત બાબતો પર શિક્ષણ મંત્રાલયના સચિવ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જોશીએ જણાવ્યું હતું કે , આ બેઠકમાં તેમણે સંસ્થાકીય પદ્ધતિઓને વધુ મજબૂત બનાવવા, પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને વિદ્યાર્થીઓ પ્રત્યે વધુ પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે લેવાનાર આગળના પગલાં જેવા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

વધુમાં તેમણે કહ્યું કે, સરકારનું મુખ્ય ધ્યેય એક મજબૂત, પારદર્શક અને વિશ્વસનીય પરીક્ષા વ્યવસ્થા બનાવવા પર છે ,જે દરેક વિદ્યાર્થીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PRALHAD JOSHI-REVIEW MEET

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ ખાંડના વર્તમાન સ્ટોકની સ્થિતિ, ઉત્પાદન સ્તર અને ચાલુ ખાંડ સીઝન માટે તેની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના સચિવ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, શ્રી જોશીએ ઉપલબ્ધતા પર નજીકથી દેખરેખ રાખવા અને ખાંડનો પૂરતો સ્ટોક જાળવવા તથા સમગ્ર સીઝન દરમિયાન સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સમયસર પગલાં લેવા પર ભાર મૂક્યો હતો.

# TRIBAL DAY

આદિવાસી લોકોના અધિકારો, સંસ્કૃતિ, પરંપરાઓ અને યોગદાનને ઓળખવા માટે આજે વિશ્વભરમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ 1994 માં આદિવાસી લોકો વિશે જાગૃતિ લાવવા અને તેમની સંસ્કૃતિ અને પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓનું જતન કરવા માટે આ દિવસની સ્થાપના કરી હતી. આ વર્ષની થીમ "આદિવાસી દાયણ સન્માન - જીવન અને દેખભાળનું સંરક્ષણ" છે. આ પ્રસૂતિ વખની દેખભાળને જાહેર આરોગ્ય અને સમુદાય સ્વાસ્થ્યમાં આદિવાસી દાયણની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.આંધ્રપ્રદેશમાં, રાજ્ય આદિવાસી કલ્યાણ વિભાગ હેઠળ ગુંટુરમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ગ્રામીણ વિકાસ અને સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી ડૉ. પેમ્માસાની ચંદ્રશેખર હાજર રહ્યા હતા.

# MAHA-QUIT INDIA

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આજે ભારત છોડો આંદોલનની 84 મી વર્ષગાંઠ પર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ તકે શ્રી ફડણવીસે જણાવ્યું હતું કે, સ્વાતંત્ર્ય સેનાનીઓની દેશભક્તિ અને બલિદાન પેઢીઓને પ્રેરણા આપે છે. તેમણે કહ્યું કે, ઓગસ્ટ ક્રાંતિ દિવસ એ અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરે છે જેમની હિંમત અને દૃઢ નિશ્ચયથી ભારતની સ્વતંત્રતા લડત મજબૂત બની હતી.

શાળાના બાળકો અને વિવિધ ક્ષેત્રના લોકોએ દક્ષિણ મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે શહીદોના સ્મારકની મુલાકાત લઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે , બ્રિટિશ શાસનનો અંત લાવવાના  નિર્ણાયક આહ્વાન સાથે "ભારત છોડો આંદોલન "મહાત્મા ગાંધી દ્વારા 1942માં 9 ઓગસ્ટના રોજ મુંબઈમાં શરૂ કરવામાં આવી હતી, જે  ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં એક મુખ્ય વળાંક સાબિત થયો.

# TRIPURA-INDIGENOUS PEOPLES DAY

આજે સમગ્ર ત્રિપુરામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં સ્વદેશી સમુદાયોના અધિકારો, સંસ્કૃતિ અને વિકાસને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો યોજાયા. અગરતલામાં સુકાંત એકેડેમી ખાતે રાજ્ય સ્તરનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાજ્યના વન મંત્રી અનિમેષ દેબબર્માએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમનો વિષય હતો "ત્રિપુરામાં સ્વદેશી સમુદાયો - વન ઇકોસિસ્ટમના રક્ષકો."

આ પ્રસંગે બોલતા, શ્રી દેબબર્માએ કહ્યું કે, સરકાર જંગલો અને પ્રકૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્વદેશી સમુદાયોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી છે. તેમણે એકતાના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, જ્યારે સ્વદેશી સમુદાયો અને અન્ય લોકો સાથે મળીને કામ કરે છે ત્યારે રાજ્ય પ્રગતિ કરી શકે છે. તેમણે એ વાત ઉપર પણ ભાર મૂક્યો કે, સ્વદેશી લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવાથી સામાજિક સંવાદિતા મજબૂત થશે.

આ તકે ૭ પ્રતિષ્ઠિત આદિવાસી નાગરિકોને સંસ્કૃતિ, સામાજિક સેવા અને અન્ય ક્ષેત્રોમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# NAGPUR-TRIBAL EVENT

આજે સમગ્ર મહારાષ્ટ્રમાં પણ “વિશ્વ આદિવાસી દિવસ” ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો, જેમાં નાગપુર અને અન્ય જિલ્લાઓમાં હજારો આદિવાસી સમુદાયોના સભ્યોએ ઉજવણીમાં ભાગ લીધો.

નાગપુરમાં, શહેર અને પડોશી વિસ્તારોના લોકોએ ગોંડ રાજા બખ્ત બુલંદ શાહ સ્મારક અને વિધાન ભવન નજીક આદિવાસી ગોવારી શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આ ઉજવણીમાં આદિવાસી વારસાનું જતન કરવા, સ્વદેશી ભાષાઓ અને પરંપરાઓને પ્રોત્સાહન આપવા અને આદિવાસી સમુદાયોના અધિકારો અને કલ્યાણ વિશે જાગૃતિ લાવવાના હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમો અને જાગૃતિ પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. આ સાથે, ગઢચિરોલી અને ગોંદિયામાં પણ ઉજવણી કાર્યક્રમો  યોજાયા.

# REV RUSSIA UKRAINE-STRIKES

રશિયા અને યુક્રેન વચ્ચે રાતોરાત હુમલાઓ થયા છે, જેમાં ઘણા નાગરિકોના મોત થયા છે અને બંને પક્ષે ઘણા લોકો ઇજાગ્રસ્ત બન્યા છે. રશિયાના બેલ્ગોરોડ ક્ષેત્રમાં, યુક્રેનિયન ડ્રોન હુમલાઓમાં પાંચ લોકો માર્યા ગયા છે અને ચાર વર્ષના છોકરા સહિત લગભગ 24 લોકો ઘાયલ થયા છે. પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું કે હુમલાઓમાં 29 એપાર્ટમેન્ટ બિલ્ડિંગો અને પાંચ ખાનગી મકાનોને નુકસાન થયું છે.

યુક્રેનમાં, રશિયન મિસાઇલ હુમલાઓ ખાર્કિવના સાલ્ટિવસ્કી જિલ્લામાં એક બહુમાળી રહેણાંક ઇમારત પર પડ્યા હતા. પ્રાદેશિક ગવર્નર ઓલેહ સિનીહુબોવે જણાવ્યું કે આ હુમલામાં  બે લોકો ના મોત થયા હતા અને અન્ય 13 ઘાયલ થયા હતા.

સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાળા સમુદ્રના બંદર શહેર ઓડેસામાં, શહેર અને આસપાસના વિસ્તારોમાં ડઝનબંધ મિસાઇલો અને ડ્રોનથી હુમલો થયા બાદ આઠ લોકો ઘાયલ થયા હતા.

દરમિયાન, રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેના રાતોરાત હુમલાઓમાં યુક્રેનના ખાર્કિવ ક્ષેત્રમાં ડ્રોન સ્ટોરેજ સુવિધાઓ તેમજ ઓડેસા બંદર પર ઇંધણ ડેપો અને અન્ય લશ્કરી પુરવઠા સુવિધાઓને લક્ષ્ય બનાવવામાં આવી હતી. રશિયન સંરક્ષણ મંત્રાલયે એવો પણ દાવો કર્યો હતો કે તેના દળોએ રાતોરાત 153 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા હતા, જેમાં ક્રિમીઆ અને કાળા સમુદ્ર અને એઝોવ સમુદ્ર પરના ડ્રોનનો સમાવેશ થાય છે.

# INDIA-US NAVY EXERCISE

ભારતીય નૌકાદળ અને અમેરિકી નૌકાદળ આવતીકાલથી 14 ઓગસ્ટ સુધી કોચીના સધર્ન નૌકાદળ કમાન્ડ ખાતે વિસ્ફોટક ઓર્ડનન્સ ડિસ્પોઝલ (EOD) કવાયત કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે દ્વિપક્ષીય કવાયતનો ઉદ્દેશ્ય બંને નૌકાદળના નિષ્ણાત ડાઇવિંગ અને EOD ટીમો વચ્ચે આંતર-કાર્યક્ષમતા વધારવા અને વ્યાવસાયિક સહયોગને મજબૂત બનાવવાનો છે. પાંચ દિવસીય કવાયતમાં વિષય નિષ્ણાત વિનિમય, ક્રોસ-ટ્રેનિંગ, સાધનો પ્રદર્શન અને દૃશ્ય-આધારિત વ્યવહારુ કવાયતોનો સમાવેશ થશે. મંત્રાલયે જણાવ્યું હતું કે બંને દેશોની નૌકાદળ 2005 થી સંયુક્ત બચાવ અને EOD કવાયતો કરી રહી છે અને આગામી કવાયત આ વિશિષ્ટ દ્વિપક્ષીય તાલીમ કવાયતની આઠમી આવૃત્તિ છે.